Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya
Late Bhavsar Khamalaxmi Devchandbhai Talajiya

# Ankur

*Special school for mentally retarded children*
*(Associate with Smt. P.N.R. Society)*



*Every child has dreams...*

**24th Annual Report 2020-21**

# Our Self-reliant journey

*From Dependence to Independence...*

‘અંકુર’ મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના
અનન્ય, અસામાન્ય, અલૌકિક બાળકો આપને આવકારે છે.



# Board of Trustees



Shri Anantrai K. Shah (Bababhai)
Managing Trustee




Shri Shashikantbhai R. Vadhar
President



Shri Vinodrai N. Hakani
Vice President



Shri Alpeshbhai K. Sheth
Hon. Secretary



Shri Dhirubhai J. Dhandhukiya
Hon. Secretary



Shri Devalbhai J. Shah
Hon. Treasurer




Shri Rajeshbhai N. Hakani
Trustee



Shri Prakashbhai N. Desai
Trustee



Shri Udaybhai H. Bhatt
Trustee



Shri Narendrabhai K. Shah
Trustee



Shri Harshadbhai C. Sheth
Trustee

સ્વ. ભાવસાર દેવચંદભાઈ મૂળજીભાઈ તળાજીયા
સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા
અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા
(પી.એન.આર. સોસાયટી સંલગ્નિત સંસ્થા)

Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya
Late Bhavsar Khamalaxmi Devchandbhai Talajiya
Ankur Special school for mentally retarded children
(Associate with Smt. P.N.R. Society)

# અમારી આત્મનિર્ભર યાત્રા

## પરાવલંબન થી સ્વાવલંબન તરફ...

૨૪ મો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૨૦-૨૧

# Our Self-reliant journey

## *From Dependence to Independence...*

24th Annual Report 2020-21

| | | |
|---|---|---|
| ***Mentor*** | : | *Shri Vinodbhai Hakani* |
| ***Editing*** | : | *Shri Arifbhai Jethava* |
| | | *Shri Shashikantbhai Vadiya* |
| | | *Shri Ghanshyambhai Baraiya (Blind School)* |
| ***Integration*** | : | *Shri Meghjikhan Saybani* |
| | | *Shri Nehalben Gadhavi* |
| ***Accounting Report*** | : | *Shri Vinubhai Rathod* |
| | | *Shri Pramodbhai Gandhi* |
| ***Graphics*** | : | *Shri Mayurbhai Rathod* |

***VISION:***

***To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participative.***

***MISSION:***

***To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs***

## LEGAL STATUS

- Trust Register No. E-459 Date : 25-01-1980
- R.P.D. Act 2016 Register No. 72/97
- National Trust Register No. GANK/15510466624 Date : 13/02/2017
- PAN No. AAATA2757Q
- Foreign Contribution Regulation Act Register No. 041980062 Date. : 27/01/2009
- Donation is tax free under Section 80G of the Income Tax Act No. DIT(E)/80G(5)/1090/0607
- C.S.R. Registration No. CSR00001417

## CONTACT US

'Ankur' Special School for Mentally Retarded Children

Plot No. 1945, Nr. Working Women's Hostle, Sardarnagar Circle,

Bhavnagar - 364 002 (Gujarat - India)

Phone: (0278) 2566956 / 2573038

E-mail : info@ankurschool.org

ankurmrschool.bvn@gmail.com

Visit us : www.ankurspecialschoolbhavnagar.org

http://www.facebook.com/ankurmrschool

https://www.youtube.com/watch?v=aKoSCNbF5TE

Shri Alpeshbhai Sheth (Hon. Secretary) Mo. 9925537878

E-mail : alpesh7878@gmail.com

Shri Devalbhai Shah (Hon. Treasurer) Mo. 9979846363

E-mail : devalshah231263@gmail.com

# Index


| Sr. No. | Particular | Page No. |
|---|---|---|
| ● | **'ANKUR'...** An introduction .................... | 8 |
| 1. | Academic Highlights ....................... | 10 |
| 2. | Medical Camps ............................. | 14 |
| 3. | Capacity Building: Workshops, ........ Seminars, Trainings, Educational Visits, Webinar. | 16 |
| 4. | Meetings ........................................ | 18 |
| 5. | D. K. Ajmera Foundation Trust &....... Shri Bhanumati Vadilal Chatrabhuj Gandhi "Bhanu-Vadi" Vocational Training Center for Mentally Retarded Children | 22 |
| 6. | Celebrations, achievements, other..... | 24 |
| 7. | Various Projects .............................. | 32 |
| 8. | National Trust .................................. | 36 |
| 9. | Late Shri Shashikant Sakarlal Velani .. Teacher trainign college for mental retardation | 40 |
| 10. | Visitors .......................................... | 44 |
| 11. | We are grateful ............................... | 46 |
| 12. | Ankur Parivar ................................ | 50 |
| | ● Homage ................................ | 56 |
| | ● List of requirements for ........... institute | 60 |
| | ● Appeal for Donation ................ | 62 |
| | ● Audit Report .......................... | 64 |


# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ● | **'અંકુર'...** એક પરિચય ......................... | ૯ |
| ૧. | ઍકેડેમિક હાઈલાઈટ્સ ........................... | ૧૧ |
| ૨. | મેડિકલ કેમ્પ ................................... | ૧૫ |
| ૩. | કૅપેસીટી બિલ્ડિંગ : વર્કશૉપ, ................. સેમીનાર્સ, ટ્રેઈનિંગ્ઝ, એજ્યુકેશનલ વિઝીટસ્ | ૧૭ |
| ૪. | મીટિંગ્સ ........................................ | ૧૯ |
| ૫. | ડી. કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ અને ........ શ્રીમતી ભાનુમતી વાડીલાલ ચત્રભુજ ગાંધી મંદબુદ્ધિ બાળકોનું ''ભાનુ-વાડી'' વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર | ૨૩ |
| ૬. | સિદ્ધિઓ, પ્રસંગો, અન્ય ....................... | ૨૫ |
| ૭. | વિવિધ પ્રોજેક્ટ ................................. | ૩૩ |
| ૮. | નૅશનલ ટ્રસ્ટ .................................. | ૩૭ |
| ૯. | સ્વ. શ્રી શશીકાંત સાકરલાલ વેલાણી ........ ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ ફોર મેન્ટલ રિટાર્ડેશન | ૪૧ |
| ૧૦. | મુલાકાતીશ્રીઓ ............................... | ૪૫ |
| ૧૧. | ઋણ સ્વિકાર ............................... | ૪૭ |
| ૧૨. | અંકુર પરિવાર ................................. | ૫૧ |
| | ● દિવ્યાંજલી ................................. | ૫૭ |
| | ● સંસ્થાની જરૂરિયાત ........................ | ૬૧ |
| | ● દાનની અપીલ ............................. | ૬૩ |
| | ● ઓડિટ રીપોર્ટ ............................. | ૬૪ |

# Our Self-reliant journey

## *From Dependence to Independence...*

## *Preface*

We are pleased to present short annual report for the year 2020-2021 on behalf of the board of trustees; to the all dedicated members of Ankur Family, workers, staff members, beneficiaries and donors.

We are yet not totally out of environment created from January 2020 by pandemic Corona. All the aspects of life are affected by the fearful and disgusting effect of Corona. In this context Educational institutes are main and heavily affected.

In this era of Corona it is observed and witnessed by all of us that Markets, Road shows for elections, and religious fares like "KUMBH MELA" are on and open but Physical education work is close and not permitted. Amongst such uncertainty also; we at Ankur, without allowing to have vacuum, tried to perform most of activities. The credit of this achievement mainly goes to our hardworking and dedicated Principal Shri Meghjibhai Saybani and all teachers and staff members.

You will notice in this report that as a result of I.C.T. Training; various electronic and social media platforms like UTube, WhatsApp, VideoWebinar etc were explored. Through these various platforms various target groups were taped to educate on capacity building, empowerment orientation, knowledge sharing, C.R.E. Program, education, vocational training, production, skill development, lectures for college students, adults' independent living, etc. are reflected in this short report.

Even though our new vocational center is operative, as per instruction from Government, physical education was not allowed and was not possible for the children. To have solution to this situation, as per direct Guidance from Ms. Nehalben Gadhvi attempt was made to train children at their home so that they can work from home and contribute the production. This strategy has earned very good result for vocational center. Amongst the tuff competition in the open market, we could achieve remarkable sales through online selling. Along with the sale of products, we have created brand image of Ankur. It has also resulted in the addition to the numbers of our customers, well-wishers and Donors and has started an era of strong relationship with them.

With the memory of rough and full of bushes road of past, present position of glory & proud felling and goal of being roal model school in the country for Mentally challenged children, we are marching towards unknown future.

In the empty campus of Ankur, we are witnessing silent Echoes of children's sweet voices seeing dreams full of feelings in their dry eyes.

Though our Mentally challenged children lives in most ignored position, we are committed to our nation and democracy. For this very purpose, and to motivate them, issuance of Electoral I.D. Card was arranged so that they can utilize their voter rights.

Under the Corona care, we adopted strategy of door step service. Under this strategy, we visited our children's home and educated them for health awareness. We distributed Educational Kit along with Mobile phone, Ration Kit for the Family, and on the occasion of Dipavali, Crakers and sweet to all the children.

As per Government Guideline, various Programs for sanitization, Medical Camp, Vaccination counseling were arranged.

# સંક્ષેપ

સંસ્થા પરિવારના સર્વે સમર્પિત કાર્યકર્તાઓ, સ્ટાફ મેમ્બર્સ, લાભાર્થીઓ તથા દાતાઓના અભિવાદન સાથે બોર્ડ ઑફ ટ્રસ્ટી વતી વર્ષ : ૨૦૨૦-૨૧ નો સંક્ષિપ્ત અહેવાલ આપની સમક્ષ મૂકતા આનંદ થાય છે.

જાન્યુઆરી ૨૦૨૦ થી શરૂ થયેલ કોવિડ પૅન્ડેમિકના ઓછાયામાંથી હજુ સુધી આપણે મુકત થયા નથી. જીવનના તમામ ક્ષેત્રો કોરોનાની વ્યાપક ભયાવહ અસરથી પ્રભાવિત થયા છે, જે પૈકી શિક્ષણ સંસ્થાન મુખ્ય છે.

બજારો ચાલુ, ચૂંટણીના રોડ શો ચાલુ, કુંભમેળા ચાલુ પણ ફિઝિકલ શિક્ષણ કાર્ય બંધ...! આવી વિડંબના વચ્ચે પણ આપણે શૂન્યાવકાશ થવા દીધા વગર સંસ્થાકીય પ્રવૃત્તિઓ મહદ્અંશે શરૂ રાખી છે. જેનો શ્રેય મહદ્અંશે આપણા કર્મવીર પ્રિન્સિપાલ શ્રી મેઘજીભાઈ અને શિક્ષકો તથા સ્ટાફને જાય છે.

I.C.T. તાલીમના ફળ સ્વરૂપે યુ-ટયૂબ, વૉટસએપ, વિડિઓ વેબિનાર વગેરે સોશિયલ પ્લૅટફૉર્મના માધ્યમથી વર્ચ્યુઅલ મોડ થકી કૅપેસિટી બિલ્ડિંગ, એમ્પાવરમેન્ટ ઓરિએન્ટેશન, નૉલેજ શેરિંગ, સી.આર.ઈ. પ્રોગ્રામ, શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ, ઉત્પાદન, સ્કિલ ડેવલપમેન્ટ, કૉલેજ સ્ટુડન્ટના લેકચર્સ, ઍડલ્ટ ઈન્ડિપેન્ડન્ટ લિવિંગ વગેરે વિવિધ પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ આ લઘુ અહેવાલમાં જોઈ શકશો.

નવુ વોકેશનલ સેન્ટર કાર્યરત થવા છતાં સરકારશ્રીની સૂચનાથી શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ હોવાથી બાળકોને ઘરે રહી તાલીમ સાથે ઉત્પાદન કરી શકે તેવા આયોજનથી સુશ્રી નેહલબેનના સીધા માર્ગદર્શન હેઠળ વોકેશનલ વિભાગે સારો દેખાવ કર્યો છે. ખુલ્લા બજારમાં સ્પર્ધાત્મક વાતાવરણ વચ્ચે ઓનલાઇન પ્લૅટફૉર્મ પર ઘણું સારું વેચાણ થયું, સાથે અંકુરની બ્રાંડ ઇમેજ ઊભી થઈ. આપણા કસ્ટમર્સ, શુભેચ્છકો, દાતાઓનો વ્યાપ વધવા સાથે મજબૂત રિલેશનશિપનું મંડાણ થયું છે.

ઝાડી-ઝાંખરાવાળો ઊબડ-ખાબડ ભૂતકાળ, ગૌરવપ્રદ સમૃદ્ધ વર્તમાન અને મનોદિવ્યાંગો માટે દેશની રોલ મૉડલ સ્કૂલ બનવાના લક્ષ્ય સાથે ભવિષ્ય તરફ પ્રયાણ છે.

કોરી આંખોમાં ભીના ભાવવાહી સ્વપ્ના જોતા બાળકોના કલરવ વિના સૂના અંકુરમાં તેમના મૌનના ટહુકા પડઘાય છે.

હાંસિયામાં જીવતા આપણા બુદ્ધિમંદ બાળકો પણ લોકશાહી રાષ્ટ્ર નિર્માણમાં હિસ્સેદાર છે, તેની પ્રતીતિ અર્થે તેમના મતાધિકાર માટે ઇલેકશન કાર્ડની અગત્યની કામગીરી કરવામાં આવી.

કોરોના Care અંતર્ગત ડોરસ્ટેપ સર્વિસનો અભિગમ અપનાવી રૂબરૂ ઘરે-ઘરે જઈ આરોગ્યલક્ષી અવેરનેસ, મોબાઇલ ફોન સહિત શૈક્ષણિક કીટ, રૅશન કીટ, દીપોત્સવ પર્વે ફટાકડા વિતરણ વગેરે કામગીરી થઈ.

સરકારી ગાઇડલાઇન મુજબ સૅનિટાઇજેશન, મેડિકલ કૅમ્પ, વૅક્સિનેશન, કાઉન્સેલિંગ વગેરે આયોજન થયા.

Even though country's economy was suffering due to recession, Ankur was lucky to get continuous flow of donations thanks to the efforts of our Mentor shri Bababhai, Honourable shri Prakashbhai Deasi, other committee members and Brand Ambassador of Ankur Ms.Nehalben Gadhvi.

We are aware that we could not perform in so many matters as we intended. We also know that so many things are yet to be performed. With this awareness, a good team work is going on here. With the expansion of trust committee, Mumbai resident & Industrialist shri Harshadrai Galiakotwala, Shri Narendrabhai Shah, Hon.Treasure of institute Shri Devalbhai shah and shri D.J.Dhandhukiya were appointed as trustees in the trust committee. This has resulted in the addition to our strength which will surely benefit us in the future progress. We welcome all new trustees.

## *Our Goal For Future:*

Home away from our home: A hostel and residential facility like home

Vocal for Local, Skill Development and Start Up, Inclusive Education, Job placement-Employment.

Under new Education Policy of Government of India, specific provision has been made for the education, employment and rehabilitation of disabled persons. Along with this, Right to education and RPD act has created new demand and more opportunities in the field of disability. To implement this is our job and it has increased our responsibility too.

Leader of Ankur's progress who is “SARATHI” of this Progress chariot of Ankur, shri Bababhai , Honurable Shri Prakashbhai Deasi and PNR society are main driving force of Ankur. In this Journey of progress, workaholic Hon.Secretary shri Alpeshbhai Sheth, Shri D.J.Dhandhukiya Sir, vice president shri Vinodrai N Hakani, Hon. Treasure shri Devalbhai Shah, Shri Parasbhai C. Shah and entire team of Ankur are co-travelers and taking burden of progress of Ankur with a smiling face and dedicated work approach.

We sincerely thanks and express our gratitude to all our trustees who have Joined in the service devotion “SEVA YAGNA” of Ankur, dedicated staff family, very Generous Donors, well-wishers and all others who are involved directly or indirectly with the Ankur.

In this black era of Corona, “POSITIVE” word has become negative. All corona positive were treated as if they were untouchable. Human beings were separated from each other in the disguise of social distance. It was so difficult to find our own someone who can understand our silent and empty of tears dry eyes' cry.

In this very difficult situation of Corona; people have undergone various physical, mental, emotional tortures.

In this Corona era and related epidemic death cycle, Institute has lost many relatives. We pray our homage to all departed souls and our heartfelt condolence to their family members.

Your suggestions & Feed back for effective and transparent administration of Ankur will be useful for us and the same are welcome always.

We cordially invite you to visit us to peep in to the poetic world of these special children of their different but unique world. You will feel and experience divineness of God with them.

With thanks,

| | | |
|---|---|---|
| Shashikant R. Vadhar<br>President | Alpesh K. Sheth<br>Hon. Secretary | D. J. Dhandhukiya<br>Hon. Secretary |

ઈકોનોમી મંદીના ભરડામાં ફસાયેલ હોવા છતાં આપણા આધારસ્થંભ સમા માનનીયશ્રી બાબાભાઈ, શ્રી પ્રકાશભાઈ દેસાઈ, કમિટી મેમ્બર્સ તથા અંકુરના બ્રાંડ ઍમ્બેસૅડર સુશ્રી નેહલબેનની પ્રશસ્ય કામગીરીથી ડોનેશનનો પ્રવાહ જળવાઈ રહ્યો. ઈચ્છિત એવું ઘણું અમે કરી શકયા નથી અને હજી ઘણું કરવાનું બાકી છે - એ સભાનતા સાથે અહીં ટીમવર્ક થઈ રહ્યું છે. ટ્રસ્ટ કમિટીના વિસ્તરણ સાથે મુંબઈ સ્થિત ઉદ્યોગપતિ શ્રી હર્ષદરાય ગલિયાકોટવાલા, શ્રી નરેન્દ્રભાઈ શાહ, ટ્રેઝરરશ્રી દેવલભાઈ તથા શ્રી ડી. જે. ધંધુકિયાની ટ્રસ્ટી તરીકે વરણી કરવામાં આવી, જેથી આપણી સ્ટ્રેન્થ વધી છે. જે આપણા ભાવિ વિકાસમાં જરૂર સહભાગી થશે. નવા ટ્રસ્ટીશ્રીઓનું સ્વાગત છે.

**અમારું ગંતવ્ય છે :**

ઘરથી દૂર એક અમારું પણ ઘર એવી હૉસ્ટેલ અને આવાસીય સુવિધા

વોકલ ફોર લોકલ, સ્કિલ ડેવલપમેન્ટ અને સ્ટાર્ટ-અપ, ઈન્કલ્યૂઝિવ એજયુકેશન, જોબ પ્લેસમેન્ટ-એમ્પ્લૉયમેન્ટ

નવી નૅશનલ એજયુકેશન પોલિસીમાં દિવ્યાંગો માટે શિક્ષણ અને રોજગાર પુનર્વાસ અંગે ખાસ જોગવાઈઓ થયેલ છે. સાથે રાઈટ ટુ એજયુકેશન RPD Act ને લીધે નવી ડિમાંડ તથા વધુ તકોનુ નિર્માણ થયું છે, તેનાથી વિકલાંગતાના ક્ષેત્રે મોટો અવકાશ ઊભો થયો છે. સાથે તેને મૂર્ત સ્વરૂપ આપવાની આપણી જવાબદારી પણ વધી છે.

અંકુરના વિકાસરથના સારથિ એવા સન્માનનીયશ્રી બાબાભાઈ, મા.શ્રી પ્રકાશભાઈ દેસાઈ અને પી.એન.આર. સોસાયટી અંકુરના ચાલકબળ છે. વર્કોહોલિક મંત્રીશ્રી અલ્પેશભાઈ, શ્રી ધંધુકિયાસર, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વિનુભાઈ હકાણી, ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહ, શ્રી પારસભાઈ તથા સમગ્ર ટીમ આ વિકાસયાત્રાના સહ પથિકો છે.

અંકુરના સેવાયજ્ઞમાં જોડાયેલ સર્વે ટ્રસ્ટીઓ, પ્રતિબદ્ધ સ્ટાફ પરિવાર, ઉદાર દાતાશ્રીઓ અને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે જોડાયેલ અનેક શુભચિંતકો... સૌ કોઈનો ઋણ સ્વીકાર અને આભાર...

કાળમુખા કોરોનામાં ‘પૉઝિટિવ’ શબ્દ અળખામણો થઈ ગયો. કોરોના પૉઝિટિવ અસ્પૃશ્ય થઈ ગયા. સોશિયલ ડિસ્ટન્સથી ખરેખર સૌ એક-બીજાથી દૂર થઈ ગયા.

આપણું અશ્રુ વિનાનું રુદન અને નિઃશબ્દ ડૂસકાં સમજી શકે તેવા સ્વજન શોધવાનું મુશ્કેલ થઈ ગયું.

કોરોનાની વિષમ સ્થિતિમાં લોકો પારાવાર શારીરિક, માનસિક, સાંવેગિક યાતનામાંથી પસાર થયા છે.

કોરોનાના કાળચક્રમાં સંસ્થા પરિવારે ઘણા આપ્તજન ગુમાવ્યા છે-તે સૌ સદ્‌ગત સ્વજનો પ્રત્યે સંસ્થા ઊંડી દિલસોજી અને શ્રદ્ધાંજલિ પાઠવે છે.

સંસ્થાના સુચારુ વહીવટ અને વિકાસમાં આપના અભિપ્રાય-પ્રતિભાવ અમને જરૂર ઉપયોગી થશે.

નોખી દુનિયાના અનોખા બાળકોના ભાવવિશ્વમાં ડોકિયું કરી ઈશ્વરીય અનુભૂતિ કરવા આપ સૌ સાદર નિમંત્રિત છો.

ધન્યવાદ

| | | |
|---|---|---|
| શશીકાન્ત આર. વાઘર | અલ્પેશ કે. શેઠ | ડી. જે. ધંધુકિયા |
| પ્રમુખ | માનદ્ મંત્રી | માનદ્ મંત્રી |

# *Ankur... An introduction*

Ankur is an effort to know self. Ankur is a journey of creation from zero. Ankur is a school of life where in a continuous efforts for last 41 years are being carried out for the socially unaccepted and ignored Mentally Challenged children to rehabilitate by making them self dependent and establish them in the society as a normal member of society. This Journey is still going on without any interruption and we are trying to Rehabilitate many children of society who are near & dear of their families/society; but unaccepted and ignored due to their less capacity to learn. Co-travelers of this journey are dedicated Trustees, sincere Teachers of the School, main Pillars of the Institute Donors and of course Mentally Challenged children for whom all our activities are carried out. There is no end or Destination to this Journey but there are definitely mile stones. Ankur has passed on many milestones and with the cooperation of you all the Journey will be going on and on.......

**:: Strength of students ::**

| Year | Boys | Girls | Total |
|---|---|---|---|
| 2019-2020 | 133 | 43 | 176 |
| 2020-2021 | 134 | 43 | 177 |



# અંકુર... એક પરિચય

'અંકુર' એક પ્રયાસ છે. 'સ્વ' ની ઓળખનો. અંકુર એક યાત્રા છે શુન્યમાંથી સર્જન કરવાની. અંકુર એક એવી જીવન શાળા છે જે સમાજ દ્વારા અસ્વીકૃત  મનોદિવ્યાંગ બાળકોને સ્વનિર્ભર કરી સમાજમાં પુનઃસ્થાપિત કરવાનો અવિરત પ્રયાસ કરે છે, છેલ્લા ૪૦ વર્ષોથી. આ યાત્રા હજીએ વણથંભી ચાલી જ રહી છે અને સમાજના અનેક વ્હાલસોયા પણ શીખવાની ઓછી ક્ષમતાવાળા બાળકોને કુટુંબમાં/સમાજમાં પુનઃસ્થાપિત કરવાનો સતત પ્રયત્ન કરી રહી છે. આ યાત્રાના સહપ્રવાસીઓ છે સેવાભાવને વરેલા ટ્રસ્ટીશ્રીઓ, શાળાના સનિષ્ઠ શિક્ષકો, તથા સંસ્થાના પાયાના સ્તંભ સમાન દાતાઓ અને જેને માટે આપણે આ બધુ કરી રહ્યા છે તેવા આપણા મનોદિવ્યાંગ બાળકો. આ યાત્રામાં મંઝીલ નથી, પણ માઇલ સ્ટોન જરૂર છે અને અંકુર અત્યાર સુધીમાં ઘણા માઇલ સ્ટોન વટાવી ચુકેલ છે અને આગળ પણ આ યાત્રા અવિરત ચાલતી રહેશે. આપ સહુના સહયોગથી...


**:: વિદ્યાર્થીઓની સંખ્યા ::**

| વર્ષ | છોકરાઓ | છોકરીઓ | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૩૩ | ૪૩ | ૧૭૬ |
| ૨૦૨૦-૨૧ | ૧૩૪ | ૪૩ | ૧૭૭ |



# 1. Academic Highlights



➲ In Ankur School, Government approved curriculum and Special curriculum for mental retardation students, both are taken care by mixing up them as per level of the children and thus as per the physical fitness and mental position of the children, they are bifurcated to Standard 1 to 6 and are given training and education very systematically.


➲ This mental retardation children should also participate and be part of current global scenario. with the noble intention to mix up these children with normal children of the society easily, they are exposed to latest electronic Gadgets and concepts like computer, Tablet, Smart Boards, E-Learning and virtual Training.

➲ Due to Covid-19, as per guidelines of Government, Regular school and classes plus training could not be conducted during the whole year. However on line education was arranged by School. During last year all teachers were given I.C.T. training which became very useful in this year. Due to prior preparation of On line Education by teachers, very useful and interesting material was prepared by teachers. This material and on line education based on this, was imparted to children on WhatsApp by creating various Groups of children on WhatsApp.

➲ For On Line Education, Starting was done by providing Utube Link to the children for their activities. In the second phase, teachers made some modifications in these videos, dubbed their own voice in the audio and these modified videos were sent to the parents of the children. In the last phase further modifications were carried out and professional video contents were created and such videos, each of 5 minutes were uploaded for on line education.

➲ To make parents active and participating, videos presenting questions were prepared and sent to parents. To make education interesting for children and improve their involvement, education was imparted through voice messages and screenshots to make it easy and better understanding.

# ૧. એકેડેમિક હાઈલાઈટ્સ




- અંકુર શાળામાં સરકારમાન્ય સામાન્ય કરીકયુલમ તથા મંદબુદ્ધિ બાળકોના વિશિષ્ટ કરીકયુલમને સંમિલિત કરીને બાળકોનાં શારીરિક તથા માનસિક લેવલને ધ્યાનમાં રાખી ગ્રૂપ પ્રમાણે ધોરણ ૧ થી ૬ માં વર્ગીકૃત કરી પદ્ધતિસરની તાલીમ આપવામાં આવે છે.

- આ મંદબુદ્ધિ બાળકો પણ ગ્લોબલ સીનારીઓ સાથે તાલ મેળવી સરળતાથી સામાન્ય પ્રવાહમાં ભળી શકે તેવા ઉમદા આશયથી બાળકોને શાળામાં વધુમાં વધુ આધુનિક ટૅકનૉલૉજી જેમ કે કમ્પ્યૂટર, ટૅબ્લેટ, સ્માર્ટબોર્ડ તથા ઈ-લર્નિંગ તેમજ વર્ચ્યુઅલી તાલીમ આપવામાં આવે છે.

- Covid-19 ને કારણે વર્ષ દરમ્યાન રેગ્યુલર શિક્ષણ અને તાલીમ શરૂ ન થતાં શાળા દ્વારા બાળકોને Online શિક્ષણની વ્યવસ્થા કરેલ. ગત વર્ષ દરમ્યાન I.C.T. ટ્રેનિંગ અંતર્ગત શિક્ષકોએ જે તાલીમ મેળવેલ તે ચાલુ વર્ષ દરમ્યાન ખૂબ જ ઉપયોગી થયેલ. શિક્ષકોની On Line Education માટેની પૂર્વ તૈયારીનાં કારણે ખૂબ જ સરસ કન્ટેન્ટ તૈયાર કરી, બાળકોને Whatsapp Group બનાવીને તમામ બાળકોને શિક્ષણ આપવામાં આવેલ.

- ઓનલાઈન એજયુકેશન માટે બાળકોને યુ-ટયૂબની લિન્ક દ્વારા પ્રવૃત્તિ પૂરી પાડવાની શરૂઆત કરેલ અને ત્યારબાદ તેમાં મૉડીફિકેશન કરી શિક્ષક પોતે જ તેમાં પોતાનો અવાજ એડ કરી શૈક્ષણિક વીડિયોઝ તૈયાર કરી, વાલીને મોકલવામાં આવે છે. ત્યારબાદ વધુ સુધારા કરી પ્રોફેશનલ વીડિયોઝ કન્ટેન્ટ તૈયાર કરી જેમાં પાંચ-પાંચ મિનિટનાં નાના વીડિયો બનાવી ઓનલાઈન મૂકવામાં આવે છે.

- વાલીની સક્રિય ભાગીદારી મેળવવા માટે પ્રશ્નરૂપી વીડિયોઝ બનાવી મોકલેલ, તેમજ બાળકોને વધુ રસ લેતાં કરવા વોઈસ મેસેજ તેમજ સ્ક્રીન શોટ દ્વારા શિક્ષણ આપવામાં આવેલ. જેથી બાળકોને વધુ સારી રીતે અને સરળતાથી સમજણ પ્રાપ્ત થયેલ.

- It is eminent to note here that in the present situation of Covid 19, when ordinary schools are closed and on line Education is imparted where in I.C.T. is used. Even though Ankur is a special school, Maximum use of I.C.T. is done from the year 2016 onwards for the training of the special children. This is a matter of pride for the Ankur for which dedicated efforts of our Hon. Secretary (EDU) Shri D. J. Dhandhukiya sir is praise worthy.
- For the training of Staff for I.C.T. and make them techno savvy, training is arranged regularly. Training is given by I.C.T. Expert Retd.Prof. Shri Navnitbhai Rathod and his Team. This training is given Regularly to all staff members under the able Guidance of our Hon. Secretary (EDU) Shri D. J. Dhandhukiya and our Principal shri Meghjikhan Saybani. Very encouraging results are achieved through this training.
- To enrich our school education, staff meetings are arranged at regular intervals. During academic year 2020-2021 approx. 28 hours brain storming discussions were carried out. Our Hon. Secretary (EDU) Shri D. J. Dhandhukiya and our Principal Shri Meghjikhan Saybani actively participate in these meetings. As per requirement, experts and parents are also included in these meetings.
- With the sincere efforts of our Hon. Secretary (EDU) Shri D. J. Dhandhukiya, entire campus of Ankur is having WI FI facility now.
- For the better treatment of speech therapy for the children having speech problem, a new software viz."AAWAZ" has been installed to have digitalized medium of treatment.
- All class teachers presented success story of their student whose progress was worth to mention and deserves to be appreciated.
- A survey was conducted of all parents bifurcating them to active or inactive parents. Inactive parents were given proper guidance about their role in the progress of their children and how they can be a part of the progress of their child. This effort earned very good results.
- In our school, Music Therapy, Speech Therapy and Occupational Therapy departments are also functioning. These departments were made more equipped, meaningful and useful with the efforts of Hon. Secretary (EDU) Shri D. J. Dhandhukiya, our Principal Shri Meghjikhan Saybani and Ms. Nehalben Gadhvi.

- અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે-વર્તમાન સમયમાં કોરોના મહામારીના કારણે જયારે સામાન્ય શાળાઓ બંધ છે અને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે અને જેમાં I.C.T. નો ઉપયોગ થાય છે ત્યારે અંકુર તો એક વિશિષ્ટ શાળા હોવા છતાં વર્ષ ૨૦૧૬ થી મહત્તમ I.C.T. નો ઉપયોગ કરી બાળકોને તાલીમ આપી રહ્યુ છે. જે શાળા માટે ગૌરવની વાત છે અને જેનો શ્રેય શાળાના માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયાસાહેબને જાય છે.

- શાળાના સ્ટાફને ઈન્ફર્મેશન ટૅકનૉલૉજીથી સુસજજ કરવા I.C.T. તાલીમનું નિયમિત આયોજન કરવામાં આવે છે. જેમાં I.C.T. નિષ્ણાત રિટા. પ્રોફેસર શ્રી નવનીતભાઈ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા તાલીમ આપવામાં આવે છે. શાળાના માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયાસાહેબ અને આચાર્ય શ્રી મેઘજીખાન સાચબાણીની દેખરેખ હેઠળ આ ટ્રેનિંગ સુંદર રીતે ચાલી રહી છે અને તેના પરિણામો આશાસ્પદ રહ્યા છે.

- શાળા શિક્ષણને સમૃદ્ધ બનાવવા સમગ્ર વર્ષ દરમ્યાન સમયાંતરે સ્ટાફ મીટિંગનું આયોજન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન અંદાજિત ૨૮ કલાક વિચાર-વિમર્શ કરવામાં આવેલ. જેમા માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા, આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણી, સમગ્ર સ્ટાફ સક્રિય રીતે ભાગ લે છે. જેમાં જરૂરિયાત પ્રમાણે એકસ્પર્ટ તથા વાલીઓને પણ સામેલ કરવામાં આવે છે.

- માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયાના સઘન પ્રયત્નોથી સમગ્ર સ્કૂલ કેમ્પસ વાઈ-ફાઈ સુવિધાથી સુસજજ કરવામાં આવેલ.

- સ્પીચ પ્રોબ્લેમવાળા બાળકોને ડીઝીટલલાઈજેશનના માધ્યમથી વધુ સારી રીતે સ્પીચ થેરાપી મળી રહે તે માટે ''આવાઝ'' સોફ્ટવેર વસાવવામાં આવેલ.

- દરેક વર્ગ પ્રમાણે વર્ષ દરમ્યાન જે બાળકો સારામાં સારી પ્રગતિ કરેલ હોય તેના વિશે કલાસ ટીચરે મીટીંગ દરમ્યાન સકસેસ સ્ટોરી રજુ કરેલ.

- શાળામાં તાલીમ મેળવતા બાળકોના વાલીઓનો એકટીવ, ઈનએકટીવ અંગેનો એક સર્વે કરવામાં આવેલ જેમાં ઈનએકટીવ વાલીને બાળકના વિકાસમાં વાલીઓની ભુમિકા અંગેની વિસ્તૃત સમજણ આપી બાળકના વિકાસમાં સહભાગી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ જેમાં સારી એવી સફળતા પ્રાપ્ત થયેલ.

- શાળામાં કાર્યરત મ્યુઝીકથેરાપી, સ્પીચથેરાપી તથા ઓકયુપેશનલ થેરાપી વિભાગને માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણી તથા શ્રી નેહલબેન ગઢવીના પ્રયત્નોથી વધુ સુસજજ કરવામાં આવેલ.

## 2. Medical Camp



On behalf of Bhavnagar Municipal corporation on 19th March 2021 school health checking and fitness camp was arranged. 4 Doctors of Government Hospital viz. Sir T. Hospital, offered their services. Total 76 children were examined medically and 12 children were found affected adversely. These 12 children were issued reference cards.

To make this camp successful, under the able guidance of our Principal Shri Meghjibhai, teacher Shri Parasbhai Parmar and his team worked enthusiastically.

- One of our students stydying in std. 4 Mr. Dhruv Satishbhai Chavda was suffering from spinal cord related disease & he needed to get surgery on emergency basis. The cost was around 1.50 to 1.75 lacks which was too much for his family to bear. We have asked for help & there were few volunteer trusts who have shown their interest. These were Vallabh Youth Organization & Nisbat Foundation & also helped was done by PNR trust's trustees, members & employees & thanks to their help that major surgery was successfully done at health care foundation-Ahmedabad on 9/6/2021

V.Y.O. trust has helped of Rs. 73,500/- and thank to managing trustee Mr. Anantray K. Shah (Bababhai) who requested Dr. Bhagat Sahaeb who perform surgery, has waived his changes of surgery due to this team spirit & extra efforts that child has successfully recovered from his major spinal disorder making his like smooth.



## ૨. મેડિકલ કેમ્પ



ભાવનગર મહાનગરપાલિકા તરફથી તા.૧૯/૦૩/૨૦૨૧નાં રોજ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ રાખેલ. આ કાર્યક્રમમાં કુલ ૭૬ બાળકોની આરોગ્યની તપાસણી સર.ટી.હોસ્પીટલનાં ૪ ડોકટર્સ દ્વારા કરવામાં આવેલ. આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત જરૂરી ૧૨ બાળકોને સંદર્ભ કાર્ડ આપવામાં આવેલ.

આ આરોગ્ય તપાસણી કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણીનાં માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી પારસભાઈ પરમાર તથા તેમની ટીમે સુંદર કામગીરી બજાવી કાર્યક્રમને સફળ બનાવેલ.

- સંસ્થામાં ધોરણ-૪ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ધ્રુવ સતિષભાઇ ચાવડા સ્પાઇનની બિમારીથી પીડાતો હતો આથી તેને ઓપરેશન કરાવવું ખૂબ જ જરૂરી હતું. આ અંગે રૂ. ૧.૫૦ થી ૧.૭૫ લાખનો ખર્ચ થાય તેમ હતો ધ્રુવનાં વાલીની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેઓએ આર્થિક સહાયની માંગણી કરતાં આ અંગે સંસ્થા તરફથી અપીલ કરવામાં આવતાં વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (V.Y.O.), નિસ્બત ફાઉન્ડેશન તથા P.N.R. સંલગ્નિત સંસ્થાઓનાં ટ્રસ્ટીશ્રીઓ, સભ્યશ્રીઓ, તથા કર્મચારીઓએ આ અપીલ ઉપાડી લઇ શકય તેટલી આર્થિક સહાય કરતાં આ વિદ્યાર્થીનું તા. ૯/૬/૨૦૨૧નાં રોજ હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન-અમદાવાદ ખાતે સફળતાપૂર્વક ઓપરેશન થયેલ.

  V.Y.O. સંસ્થા તરફથી રૂ. ૭૩,૫૦૦/- ની આર્થિક સહાય કરવામાં આવેલ તેમજ સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતરાય કે. શાહ (બાબાભાઇ) નાં પ્રયત્નથી સર્જરી કરનાર ડૉ. ભગત સાહેબે તેઓનો સર્જરી ચાર્જ માફ કરેલ. આમ ટીમ વર્કથી આવા જરૂરીયાતમંદ બાળકનું ઓપરેશન સફળતાપૂર્વક થઇ ગયેલ અને બાળક તેની કરોડ સ્તંભની બીમારી માંથી સાજો થઇ વધુ સારી જિંદગી મેળવી શકયો.



## 3. Capacity Building : workshops / Seminars / Trainings / Educational Visits

### Webinar





- ***Webinar***

- Vice President of school Shri Vinodrai Hakani has attended webinar organized by Navjivan Center on Dt. 04-10-2020 regarding NGO & FCRA related topics.
- During the year, on 14-10-2020 all teachers of the school attended the webinar arranged by NPE
- On 20-10-2020 we arranged webinar on "mental health" all teachers of the school and some parents of the students attended the webinar. Overall response was very good for this webinar. This webinar was arranged and conducted by Ms. Reshmaben Shah under the Guidance of our Principal shri Meghjibhai.
- On the occasion of world disabled persons' day on 03/12/2020 a webinar was arranged by social security department of Government of Gujarat on the subject of "laws and various Govt. Schemes for Disabled children" Many Teachers, Parents and Guardians attend the webinar.
- On 6-12-2020 a webinar on the platform of Google Meet was arranged by Ankur. In this webinar Shri Bharatbhai Joshi, Dy. Director of Andhjan Mandal Ahmedabad, Discussed and guided on the New Educational policy of Government of India and special provisions related to education and Employment of disabled persons in the policy. Our vice President and member of Local committee of National Trust Shri Vinodrai N Hakani Discussed in length & breadth and Guided the participants on the matter of Legal Guardianship and relative provisions in the act.
- On 04-12-2020 a webinar on the subject of "Children's care during Covid-19" was arranged by the school. All teachers of the school and Parents of the students attended the webinar.
- A workshop on the "Effective use of Online Google Meet & Zoom Application" was arranged in the conference hall of the Institute on 24/12/2020. Shri Mihirbhai Maniar provided Guidance in the workshop and all the teachers of the school participated in the workshop.
- Shri Vinodrai Hakani gave suggestions for the education of divyang under new National education policy. He also have feed back about guardianship scheme.

## ૩. કૅપેસિટી બિલ્ડિંગ : વર્કશૉપ/સેમીનાર્સ/ટ્રેઈનિંગ્ઝ/એજ્યુકેશનલ વિઝિટ્સ





- **વેબિનાર**

⊙ તા. ૪/૧૦/૨૦૨૦નાં રોજ નવજીવન સેન્ટર દ્વારા આયોજિત NGO તથા FCRA અંગેના વેબિનારમાં શાળાના ઉપપ્રમુખ શ્રી વિનોદરાય હકાણીએ ભાગ લીધેલ.

⊙ તા.૧૪/૧૦/૨૦૨૦નાં રોજ NPE દ્વારા યોજાયેલ વેબિનારમાં શાળાનાં શિક્ષકો જોડાયેલ.

⊙ તા.૨૦/૧૦/૨૦૨૦નાં રોજ સંસ્થા દ્વારા ''માનસિક સ્વાસ્થ્ય'' અંગેનો વેબીનાર યોજવામાં આવેલ, જેમાં શાળાનાં શિક્ષકો તથા વાલીઓ જોડાયેલ અને સારો એવો પ્રતિસાદ મળેલ. આ વેબિનારનું આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણીનાં માર્ગદર્શન હેઠળ શ્રી રેશ્માબેન શાહ તરફથી સુંદર આયોજન કરવામાં આવેલ.

⊙ તા.૦૩/૧૨/૨૦૨૦નાં રોજ સમાજ સુરક્ષા ખાતાં તરફથી વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે ''દિવ્યાંગ બાળકો માટેની યોજનાઓ અને કાયદાઓ'' અંગે વેબિનાર યોજવામાં આવેલ. જેમાં સારી એવી સંખ્યામાં શિક્ષકો તથા વાલીઓ જોડાયેલ.

⊙ તા.૦૬/૧૨/૨૦૨૦નાં રોજ ગૂગલ મીટ પર અંકુર દ્વારા યોજાયેલ વેબિનારમાં અમદાવાદ અંધજન મંડળના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરતભાઈ જોષીએ નવી નૅશનલ એજ્યુકેશન પૉલિસી અંતર્ગત દિવ્યાંગો માટે શિક્ષણ, રોજગાર અંગેની જોગવાઈઓની વિશદ છણાવટ કરી તેમજ નૅશનલ ટ્રસ્ટ લોકલ લેવલ કમિટીનાં આપણા સભ્ય શ્રી વિનુભાઈ હકાણીએ 'લીગલ ગાર્ડિયનશિપ અંગેની જોગવાઈ' વિસ્તારથી છણાવટ કરેલ.

⊙ તા.૦૪/૧૨/૨૦૨૦નાં રોજ સંસ્થા દ્વારા "Covid-19 દરમ્યાન બાળકોની કાળજી અંગેનો વેબિનાર યોજવામાં આવેલ. આ વેબિનારમાં શાળાનાં શિક્ષકો તથા વાલીઓ જોડાયેલ.

⊙ તા.૨૪/૧૨/૨૦૨૦નાં રોજ સંસ્થાનાં કૉન્ફરન્સ હૉલમાં "Online Google Meet & Zoom Application" અંગેનો વર્કશૉપ યોજવામાં આવેલ, જેમાં શ્રી મિહિરભાઈ મણિયાર તરફથી સુંદર માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ. આ વર્કશૉપમાં સંસ્થાનાં તમામ શિક્ષકો જોડાયેલ. આ સેમિનારનું આયોજન માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ કે. શેઠ તથા માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહ દ્વારા કરવામાં આવેલ.

⊙ નવી નેશનલ એજ્યુકેશન પોલિસી અંતર્ગત દિવ્યાંગોના શિક્ષણ અંગે સજેશન તથા ગાર્ડિઅનશીપ યોજના બાબત ફીડબેક આપેલ.

# 4. Meetings



- ***Annual General Meeting (AGM)***

Annual General Meeting was arranged on 20/12/2020. Hon Sec. Shri Alpeshbhai Sheth briefed about various activities arranged during the year and other matters related to administration. Shri D.J.Dhandhukiya presented about the educational activities of the school. Hon. Treasurer Shri Devalbhai presented the Accounts of the year and Budget for the upcoming year. Shri Vinodrai Hakani presented the annual report of the institute for the year 2019-2020. He also shared useful and interesting information about institute. All the trustees and members present in the meeting admire the working and various activities undertaken by the institute during the year 2019-2020.

- ***Meeting of the Trust Board***

Meeting of the trust Board was convened on 10/01/2020 to consider the following agenda: To appoint vacant post of trustees. , To reconstitute executive committee as the present committee's tenure is over, To consider and take decision on the resignation of trustee Shri Devendrabhai R Sheth.

As per the provisions of the constitution, the vacant posts of trustees were filled up by the persons working with the institute since years with the service motto. Accordingly (1) Shri Narendrabhai Kantilal Shah –Mumbai (2) Shri Harshadbhai Chhotalal Sheth (Galiyakotwala) – Mumbai (3) Shri Devalbhai Jayendrabhai Shah- Bhavnagar (4) Shri Dhirubhai J Dhandhukiya- Bhavnagar were appointed as trustees of the institute.

# ૪. મીટિંગ્સ






- **વાર્ષિક સાધારણ સભા (AGM)**

તા.૨૦/૧૨/૨૦૨૦નાં વર્ષ ૨૦૧૯-૨૦ ની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવેલ. જેમાં માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ કે. શેઠ વર્ષ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા વહિવટી બાબતોની માહિતી આપેલ. તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિનો અહેવાલ માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા તરફથી રજૂ કરવામાં આવેલ. માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહે ઑડિટેડ હિસાબો તેમજ બજેટ રજૂ કરેલ. શ્રી વિનુભાઈ હકાણીએ સંસ્થાની અન્ય ઉપયોગી માહિતી આપેલ તેમજ વર્ષ ૨૦૧૯-૨૦ નો વાર્ષિક અહેવાલ રજૂ કરેલ. આ સભામાં હાજર ટ્રસ્ટીશ્રીઓ તેમજ સભ્યશ્રીઓ દ્વારા સંસ્થાની કામગીરી તથા પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવેલ.

- **ટ્રસ્ટી મંડળની મિટિંગ**

તા.૧૦/૦૧/૨૦૨૧નાં રોજ સંસ્થાનાં ટ્રસ્ટી મંડળની મિટિંગ ટ્રસ્ટીઓની ખાલી જગ્યા માટે ટ્રસ્ટીઓની નિમણૂક કરવા, કારોબારી કમિટીની મુદત પૂરી થતાં પુનઃરચના કરવા, શ્રી દેવેન્દ્રભાઈ આર. શેઠ, ટ્રસ્ટીશ્રીએ આપેલ રાજીનામા અંગે નિર્ણય કરવા.

બંધારણની જોગવાઈ મુજબ ટ્રસ્ટીઓની ખાલી જગ્યા પર સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં વર્ષોથી સાથે કામ કરતા (૧) શ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ શાહ - મુંબઈ (૨) શ્રી હર્ષદભાઈ છોટાલાલ શેઠ (ગલિયાકોટવાલા) - મુંબઈ (૩) શ્રી દેવલભાઈ જયેન્દ્રભાઈ શાહ - ભાવનગર તથા (૪) શ્રી ધીરુભાઈ જે. ધંધુકિયા - ભાવનગરની નિમણૂક કરવામાં આવેલ.





As tenure of Executive committee was over on 31-03-2020, new committee was constituted. It was also decided and made effective to invite some invitee members in the executive committee.

Trustee shri Devendrabhai R sheth has resigned from his post for the reason that he is not able to serve and devote time to the institute as he is very busy with his business. His resignation was accepted and approved by the board and his services to the institution was admired.

Board of trustees welcomed all new trustees, members and invitee members of the executive committee.

- ***Parents Meeting***

- on 18-02-2021 an online parents meeting was conducted on the subject of "various activities of children and their problems" very Good response was received from parents for this meeting.

- On 15-03-2021 online parents meeting for the students of "VIKAS PROJECT" Granted by National trust ( Government of India) was arranged. This on line Parents meeting was arranged under the Guidance of our Hon. Edu. Secretary Shri D.J.Dhandhukiya Sir and our Principal Shri Meghjibhai Saybani. Total 28 Parents Participated in this Parents meeting.

- On Dt. 17/09/2020 & 27/7/2021 a meeting of local level committee of Bhavnagar District was arranged by Government authority for the implementation of the right of persons with disability act-2016. In this meeting our Vice President Shri Vinodrai Hakani our Secretary Alpeshbhai Seth & Shri D. J. Dhandhukiya participated and offered their concepts and suggestion for the subject.



સંસ્થાની કારોબારી કમિટીની મુદત તા.૩૧/૦૩/૨૦૨૦નાં રોજ પૂર્ણ થતાં કારોબારી કમિટીની પુનઃરચના કરવામાં આવી, તેમજ કારોબારી કમિટીમાં આમંત્રિત સભ્યશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

સંસ્થાનાં ટ્રસ્ટી મંડળે નવા ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી કમિટીનાં સભ્યશ્રીઓ/આમંત્રિત સભ્યશ્રીઓને આવકારેલ.

સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી દેવેન્દ્રભાઈ આર. શેઠ ધંધાકીય વ્યસ્તતાનાં કારણે સંસ્થામાં સેવા આપી શકતા ન હોઈ તેઓએ ટ્રસ્ટી તરીકે આપેલ રાજીનામું મંજૂર કરવામાં આવ્યું. શ્રી દેવેન્દ્રભાઈએ અત્યાર સુધી આપેલ સેવાને બિરદાવવામાં આવેલ.

- **વાલી મીટિંગ**

⊙ તા.૧૮/૦૨/૨૦૨૧નાં રોજ ''બાળકોની વિવિધ પ્રવૃત્તિઓ તથા તેમની સમસ્યા'' અંગે ઑનલાઇન વાલી મીટિંગ રાખેલ. જેમાં વાલીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ.

⊙ તા.૧૫/૦૩/૨૦૨૧નાં રોજ નૅશનલ ટ્રસ્ટ હેઠળની સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી 'વિકાસ પ્રોજેક્ટ'' નાં વાલીઓ સાથે ઑનલાઇન વાલી મીટિંગ રાખેલ. આ વાલી મીટિંગ સંસ્થાનાં માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયાસાહેબ તથા આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણીનાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ. આ ઑનલાઇન વાલી મીટિંગમાં કુલ ૨૮ વાલીઓ જોડાયેલ.

⊙ તા. ૧૭/૯/૨૦૨૦ તથા ૨૭/૭/૨૦૨૧ ના રોજ રાઇટસ ઓફ પર્સન્સ વિથ ડિસેબીલીટી એકટ-૨૦૧૬ ના અમલીકરણ તથા જિલ્લા લોકલ લેવલ કમીટી ની મિટિંગ યોજાયેલ જેમાં સંસ્થાના ઉપ પ્રભુખ શ્રી વિનોદરાય હકાણી તથા માનદ્મંત્રી શ્રી અલ્પેશભાઇ શેઠ તેમજ ડી.જે. ધંધુકીયા સાહેબ હાજર રહી પોતાના વિચારો રજુ કરેલ.





## 5. D.K. Ajmera Foundation Trust & Shri Bhanumati Vadilal Chatrabhuj Gandhi "Bhanu-Wadi" Vocational Training Center for mentally retarded children






**We acknowledge and appreciate donation received for this center from Shri Dhanvantrai Kantilal Ajmera-Mumbai Rs. 25,00,000/- and Shri Maheshrai Vadilal Gandhi (Chairman-Director of The Industrial Development & Investment Co.Pvt.Ltd-Mumbai) Rs. 26,00,000/-**

Children were not allowed and couldn't attend or work in the vocational training center. However trained children were provided raw material at their homes from our school. In this effort, trained children made “TORAN” ( Hanging for the Doors) , Shopping Bags, other Hangings, Money covers, Money Purses, Pouch, caution cover, Bags from cotton cloth etc were made.

For the selling the items produced in the vocational training center campaign was arranged on the social media. We received very good response of this campaign from metro cities as well as small cities throughout country. Our items generated very good demand by the users.

Over and above online sell, stalls for the selling at GovrdhanNathji Haveli, Madhav Darshan Complex, and during dipavali, with collaboration of Rotary Royal club at the Waghavadi Road were installed. We received very good response from the citizens of Bhavnagar city and as a result total Rs. 8,84,113/- Items were sold. We sincerely thanks all purchasers of our items. We express our feelings of gratitude “ DHANYVAD BHAVNAGR” for supporting our children. Its really matter of proud that during this year we sold highest ever in the history of Ankur. To earn this feat efforts of our principal shri Meghjibhai Saybani, Ms. Nehalben Gadhvi and entire team deserves compliments. By the efforts of Ms. Nehal Gadhvi, Gujarti Languge's famous author/writer Shri Jay Vasavda put our story on his Face book page and become a bridge to connect people with Ankur. Thank you very much Shri Jaybhai Vasavda. A very strong, unique and positive Brand Image for Ankur is created through social media.






## પ. ડી. કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ અને
## શ્રીમતી ભાનુમતી વાડીલાલ ચત્રભુજ ગાંધી
## મંદબુદ્ધિ બાળકોનું ''ભાનુ-વાડી'' વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર






**સંસ્થાના વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર માટે શ્રી ધનવંતરાય કાંતિલાલ અજમેરા–મુંબઈ તરફથી રૂ. ૨૫,૦૦,૦૦૦/- તેમજ શ્રી મહેશભાઈ વાડીલાલ ગાંધી (ચેરમેન–ડાયરેક્ટર શ્રી ધી ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કું. પ્રા. લિ. – મુંબઈ) તરફથી રૂ. ૨૬,૦૦,૦૦૦/- નું અનુદાન મળેલ છે.**

Covid-19 ને કારણે વૉકેશનલ સેન્ટરમાં બાળકોને બોલાવેલ નથી. પરંતુ તાલીમ પામેલા બાળકોને સંસ્થામાંથી કાચું રો-મટીરિયલ ઘરે-ઘરે પહોંચાડી આવા તાલીમબદ્ધ બાળકો દ્વારા તોરણ, શોપિંગ બેગ, હેન્ગિંગ, મનીકવર, બટવા, પાઉચ, કુશન કવર, કાપડની થેલીઓ, બનાવરાવેલ.

વૉકેશનલ સેન્ટરમાં ઉત્પાદન કરેલ ઉપર જણાવેલ આઇટમનાં વેચાણ માટે સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ, જેને ખૂબ જ સારો એવો પ્રતિભાવ દેશનાં મેટ્રોસિટી તથા નાના શહેરોમાંથી મળેલ અને ઉત્પાદન કરેલ વસ્તુઓની ખૂબ જ સારી એવી માંગ રહેલ.

આ ઉપરાંત વેચાણ માટે ગોવર્ધનનાથજીની હવેલી, માધવદર્શન તથા રોટરી રોયલ કલબનાં સહયોગથી વાઘાવાડી રોડ પર દિવાળી દરમ્યાન વેચાણ માટે સ્ટોલ રાખેલ. જેમાં પણ શહેરીજનો તરફથી સારો એવો પ્રતિસાદ મળેલ. વર્ષ દરમ્યાન કુલ રૂ. ૮,૮૪,૧૧૩/- નું વેચાણ થયેલ છે. અંકુરનાં ઈતિહાસમાં સૌથી વધુ વેચાણ આ વર્ષ દરમ્યાન થયેલ. શ્રી મેઘજીખાન સાયબાણી, નેહલબેન ગઢવી અને તેમની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન. શ્રી નેહલબેનનાં પ્રયત્નોથી જયભાઈ વસાવડાએ તેમના ફેસબુક પેજ પર આ વાત મૂકી અનેક લોકોને અંકુર સાથે જોડયા. સોશિયલ મીડિયાનાં માધ્યમથી અંકુરની આગવી ઓળખ ઊભી થઈ.



## 6. Celebrations, Achievements, Others





- ***Kit Distribution***

  Due to Nationwide lockdown for the reason of Covid-19, and very grave situation in the Markets and loss of jobs for the lower middle & poor class families were put in very embracing and pitiable condition. 80 such families of whose children are studying in Ankur, were identified. With the generous cooperation of donors of Bhavnagar city, on the festival of deepawali, a kit of items of grocery and other items necessary for livelihood was distributed. Another kit of clothes and sweets of these families was also distributed.

- ***Distribution of crackers***

  As per tradition, and like so many past years, this year also kit of crackers for Deepawali festival was distributed by the Jeetubhai fatakada wala's Shri Nimeshbhai and Paragbhai Maniar. Thank you very much Shri Nimeshbhai & Paragbhai.

- ***Celebration of ID-E-MILAD***

  On the occasion of ID-E-MILAD Festival Memon Group distributed 1kg Sugar and 1kg Oil to the Identified 80 families of our children.






- **કીટ વિતરણ**

  કોરોનાં મહામારીને કારણે દેશમાં લૉકડાઉનની સ્થિતિ ઉદ્દ્ભવેલ લોકડાઉનને કારણે સંસ્થાનાં બાળકોનાં જે પરિવારની આર્થિક સ્થિતિ અત્યંત નબળી છે તેવા, ૮૦ પરિવારોને દિવાળી નિમિત્તે ભાવનગરનાં દાતાઓનાં સંયુકત આર્થિક સહયોગથી જીવન જરૂરિયાતની વસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવેલ. તેમજ મીઠાઈ તથા કપડાની કીટનું વિતરણ કરવામાં આવેલ.

- **ફટાકડા વિતરણ**

  દર વર્ષની માફક શ્રી જીતુભાઈ ફટાકડાવાળા શ્રી નિમેષભાઈ તથા પરાગભાઈ મણિયાર તરફથી સંસ્થાનાં તમામ બાળકોનાં ઘરે ઘરે જઈને ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ.

- **ઈદ-એ-મિલાદની ઉજવણી**

  ઈદ-એ-મિલાદ નિમિત્તે મેમણ ગ્રૂપ દ્વારા સંસ્થાનાં ૮૦ બાળકોનાં પરિવારને ૧ કિલો ખાંડ તથા ૧ કિલો તેલનું વિતરણ કરવામાં આવેલ.










- ***Celebrating the founding day of the organization***

On 25th January 2021, our institute completed 40 years. On this auspicious day a drawing competition was arranged in the institute. 20 children participated in the competition. Shri Narendrabhai Andhariya served as Judge for this Drawing competition.

- ***Drawing Work Shop & Exhibition***

On 28/02/2021 a workshop was arranged by "KALA SANGH BHAVNAGAR" on the subject Drawing/ Picture. 20 children from our School and 10 students of C.P. School of PNR society participated in the workshop. This work shop was arranged by our School Trustee Shri Udaybhai Bhatt he also held one exhibition of this work shop; drawings and pictures.






- **સંસ્થાની સ્થાપના દિવસની ઉજવણી**

  સંસ્થાની સ્થાપનાને ૪૦ વર્ષ પૂર્ણ થતાં તા.૨૫/૦૧/૨૦૨૧નાં રોજ સંસ્થામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ ચિત્ર સ્પર્ધામાં કુલ ૨૦ બાળકોએ ભાગ લીધેલ. આ ચિત્ર સ્પર્ધામાં શ્રી નરેન્દ્રભાઈ અંધારિયાએ નિર્ણાયક તરીકે સેવા આવેલ.


- **ડ્રોઈંગ વર્ક શોપ & એકઝીબીશન**

  તા.૨૮/૦૨/૨૦૨૧નાં રોજ ભાવનગર કલા સંઘ દ્વારા આયોજીત ''ચિત્ર'' અંગેનો વર્કશોપ યોજાયેલ. આ વર્કશોપમાં સંસ્થાનાં ૨૦ બાળકો તથા C.P. સ્કૂલનાં ૧૦ બાળકોએ ભાગ લીધેલ. આ વર્કશોપનું આયોજન સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી ઉદયભાઇ ભટ્ટ તરફથી કરવામાં આવેલ તેમજ બાળકો દ્વારા આ વર્ક શોપમાં ડ્રોઈંગ કરેલા ચિત્રોનું એક એકઝીબીશન પણ રાખવામાં આવેલ.









- ***Celebration of Down Syndrome Day***

  From the year 2006 on worlds 21st March is celebrated as down Syndrome day as a celebration of Down Syndrome Day, a Google meet was organized on 20-03-2021. 35 parents participated in the meet.


- ***Celebration of world Autism day***


  2nd April is celebrate as international autism awareness day for the celebrating world Autism day, on 01-04-2021, one online seminar was organized. 20 Parents participated in the on line Seminar.

- ***Awareness Program on Disability***

  on 24-03-2021, A Disability awareness program was arranged with the sponsorship of R.C.I. (ZCC) for the primary teachers at Palitana. 40 Teachers participated in the program. From our institute, our Principal Shri Meghjibhai Saybani, teacher S/s Parulben Pathak and Reshmaben Shah conducted the program and guided the participating teachers on the subject with their knowledge and experience in the field of disability. Lectures by all three key note speakers were appreciated by the participating teachers.






- **ડાઉન સિન્ડ્રોમ દિવસની ઉજવણી**

  વર્ષ ૨૦૦૬ થી ૨૧ માર્ચ વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે તરીકે મનાવાય છે. ડાઉન સિન્ડ્રોમ દિવસની ઉજવણીનાં અનુસંધાને તા. ૨૦/૩/૨૦૨૧નાં રોજ સંસ્થાનાં બાળકોનાં વાલીઓ માટે ગૂગલ મીટનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૩૫ વાલીઓએ ભાગ લીધેલ.

- **ઓટિઝમ દિવસની ઉજવણી**

  તા. ૨ એપ્રિલ આંતરરાષ્ટ્રિય ઓટીઝમ અવેરનેસ ડે તરીકે ઉજવવામાં આવે છે. વર્લ્ડ ઓટિઝમ દિવસની ઉજવણીનાં અનુસંધાને તા.૦૧/૦૪/૨૦૨૧નાં રોજ ઓટિઝમ બાળકોનાં વાલીઓ સાથે ઑન લાઇન સેમિનાર યોજવામાં આવેલ. જેમાં કુલ ૨૦ વાલીઓએ ભાગ લીધેલ.

- **અવેરનેસ પ્રોગ્રામ ઓન ડિસેબીલિટી**

  R.C.I. (ZCC) દ્વારા તા.૨૪/૦૩/૨૦૨૧નાં રોજ પાલિતાણા ખાતે પ્રાથમિક શિક્ષકો માટેનો અવેરનેસ પ્રોગ્રામ રાખવામાં આવેલ. જેમાં કુલ ૪૦ પ્રાથમિક શિક્ષકોએ ભાગ લીધેલ. આ અવેરનેસ પ્રોગ્રામમાં સંસ્થાનાં આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, શિક્ષકશ્રી પારૂલબેન તથા રેશ્માબેને ભાગ લીધેલ.







- ***Election voter I.D. Awareness program***

